હથેળીમાં સમાય તેટલો ટચૂકડો
ચરખો રાજ્યપાલને ભેટ અપાયો



# ધારાસભ્ય સાથે બેહુદુ વર્તન કરનાર મામલતદારના વિરોધમાં વિજયનગર સજ્જડ બંધ





હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર મામલતદારે ખેડબ્રહ્માના કોંગી ધારાસભ્ય અશ્વિન કોટવાલ સાથે બેહુદુ વર્તન કરતા સમગ્ર જિલ્લામાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે. અને મામલતદારના તુમાખીભર્યા વર્તન સામે લોકજુવાળ પ્રજલિત બન્યા છે. આજે સોમવારે મામલતદાર વી.એ. પ્રજાપતિની જોહુકુમીના વિરોધમાં પ્રજા દ્વારા બંધનું એલાન આપવામાં આવતાં સમગ્ર તાલુકાએ સજ્જડ બંધ પાળી વિરોધ નોંધાવ્યો હતો.

ભાજપ સરકારના રાજમાં અધિકારીઓ સ્વચ્છંદી બની પ્રજાના કામો પ્રત્યે ઉદાસીનતા દાખવી રહ્યા હોવાનું જગ જાહેર છે. સાચા કામો કરવા માટે પણ પ્રજાએ અધિકારીઓ અને કર્મચારીઓને પૈસા આપવા પડતા હોય છે. પ્રજાલક્ષી કામો કરવામાં અધિકારીઓ ભારે ઉદાસીનતા દાખવતા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા છતાં ભાજપના કાર્યકર તરીકે કામ કરતા અધિકારીઓ અને કર્મચારીઓને કહેવાની કોઈની હિંમત નથી.

વિજયનગરના મામલતદારે ખેડબ્રહ્માના કોંગી ધારાસભ્ય અશ્વિન કોટવાલ સાથે બેહુદુ વર્તન કરતા સમગ્ર જિલ્લામાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે. મામલતદારના પ્રજા પ્રત્યેના નકારાત્મક અભિગમને લઈ પ્રજાના કામો ટલ્લે ચઢતાં લોકજુવાળ પ્રજલિત બની બહાર આવ્યો છે. આજે પ્રજા દ્વારા આપવામાં આવેલ બંધના એલાનને સજ્જડ પ્રતિસાદ મળ્યો હતો. બંધ દરમ્યાન શાળા, કોલેજો સહિત તમામ બજારો સદંતર બંધ રહ્યા હતા. સરકારે બેફામ બની ભ્રષ્ટાચાર આચરી પ્રજાના કામો પ્રત્યે ઉદાસીનતા દાખવતા અધિકારીઓને નાથવાની જરૂર છે. નહીતર આવનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપ સરકારને ભોગવવું પડશે તેવું લોકોના મિજાજ ઉપરથી જણાઈ રહ્યું છે.



બનાસકાંઠાના ધાનેરા તાલુકાના પેગીયા ગામે તા. ૧૭-૯-૨૦૧૫ના રોજ કોઈ અજાણ્યા ઈસમો પેગીયા ગામની દૂધ મંડળીમાં પડેલા રૂ. ૧૩.૮૦ લાખની મતા ચોરી ગયા હતા. જે બાબતે પેગીયા ગામની દૂધ મંડળીના મંત્રીએ ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ધાનેરા પોલીસે આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા તે બાદ આજે ધાનેરા પોલીસ અને થરાદ ડી.વાય.એસ.પી.ની ટીમ દ્વારા આ ચોરીના ત્રણ આરોપીને ઝડપી ચોરીમાં વપરાયેલી કાર સાથે જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ખેડૂતો સાથે સંકળાયેલા વેપારીઓ, સહકારી સંસ્થાઓ ખેડૂતો પ્રત્યે સામાજીક દાયીત્વ નીભાવે : ગીરીશભાઈ જગાણીયા

પાલનપુર, તા. ૧૨

પાલનપુર ખાતે કૃષિ વિકાસ કેન્દ્ર અને ટાટા કેમીકલર્સ કંપની આયોજીત શિબિરમાં ખેડૂત આગેવાન ગીરીશભાઈ જગાણીયાએ જણાવ્યું હતું કે આજે સમગ્ર દેશના રાજ્યોમાં અનાજ પકવતો જગતનો તાત આપઘાત કરે છે, તેનું મુખ્ય કારણ જમીનોની ફળદ્રુપતા ગુમાવી રહી છે. આડેધડ ખાતરો, રાસાયણીક દવાઓ, હલકી ગુણવત્તાવાળા ખાતરોનો ઉપયોગ તેમજ ખેડૂતોની વપરાશ અને ઉપયોગીતાના જ્ઞાનના અભાવે ખેડૂતોને ઉત્પાદન મળતું નથી કે પુરતી આવક ન થવાને કારણે દેવાદાર થઈને આર્થિક પાયમાલ થઈ રહ્યો છે. ત્યારે આપણે સૌ ખાતર-દવાઓના વિક્રેતાઓની ફરજ છે કે ખેડૂતોની જમીનની ચકાસણી કરાવીને ખાતર, દવાઓની ભલામણ થાય અને આપણા સૌનું જ્ઞાન વધે તે માટે આપણે સૌએ તાલિમ લેવી જોઈએ, અને ટાટા જેવી સ્વદેશી કંપનીઓ સાથે કામ કરવું તે આપણા સૌ માટે ગૌરવની બાબત છે, તો આપણે સૌ ખેડૂતો જેવા નિર્દઓષ લોકો સાથે પુણ્યનું કામ કરીએ છીએ, તો આપણે સૌ સામાજીક દાયીત્વ નીભાવીએ, આ પ્રસંગે ટાટા કંપનીના મેનેજરશ્રી દ્વિવેદ્રીજી, સંજય પાંડે, દિપક રાય વગેરેએ માર્ગદર્શન આપ્યું હતું.

## હિંમતનગર મેડીકલ કોલેજમાંથી પાઈપો ચોરાઈ

હિંમતનગરના ગઢોડા રોડ પર આવેલ મેડીકલ કોલેજમાં આવેલ શૌચાલયો અને બાથરૂમમાંથી રવિવારે રાત્રે બે શખ્સોએ આવી રૂ. ૨૧,૬૦૦ની કિંમતની ૨૭ લોખંડની પાઈપોની ચોરી કરતા પકડાઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ અંગેની વિગત એવી છે કે ગઢોડા રોડ પર આવેલ મેડીકલ કોલેજના શૌચાલય અને બાથરૂમમાંથી ભિલોડા તાલુકાના હિંમતપુર ગામના વિજયકુમાર કાન્તીભાઈ ગામેતી અને ધર્મેન્દ્રકુમાર જગદીશભાઈ ગામેતીએ રૂ. ૨૧,૬૦૦ની કિંમતની પાઈપની ચોરી કરી લઈ જઈ રહ્યા હતા. જે અંગે પોલીસને ખબર પડતા બંનેને મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યાર બાદ પાર્થ મહેન્દ્રકુમાર સુથારે બંને વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ‘વન્ડર વીંગ્સ’ (સેખાની ગ્રુપ) દ્વારા સાણંદમાં ઉત્પાદન એકમ સ્થાપવા રૂા. ૧૫૦ કરોડનું મૂડી રોકાણ

સમાજમાં સ્વચ્છતાના ધોરણો સુધારવાના વિચારથી પ્રેરાઈને ‘વન્ડર વીંગ્સ’ સેખાની ગ્રુપ) દ્વારા રૂા. ૧૫૦ કરોડના ખર્ચે વિવિધિકરણની યોજના જાહેર કરી છે, જેના પ્રથમ તબક્કામાં સાણંદમાં નવો પ્લાન્ટ સ્થાપવામાં આવશે. દરેક મહિલામાં રહેલી વન્ડર ગર્લની ઓળખ માટે સેખાની ગ્રુપ ભારતના લોકોમાં સેનિટરી નેપ્કીન્સના ઉપયોગની જાગૃતિ લાવવા માંગે છે. વિસ્તરણ આયોજનના ભાગરૂપે કંપનીએ સાણંદ જીઆઈડીસીમાં ૧ લાખ ચો.મી. જમીન હસ્તગત કરી છે. વન્ડર વીંગ્ઝ, સેનિટરી નેપ્કીનનું સાણંદના એકમમાં ઉત્પાદન કરવામાં આવશે અને ત્યાં બે સંપૂર્ણ ઓટોમેટિક સર્વો મશીન્સ દ્વારા દૈનિક ૧૨,૦૦,૦૦૦ સેનિટરી નેપ્કીન્સનું ઉત્પાદન કરવામાં આવશે.

બિઝનેસની આ નવી ગતિવિધિ અંગે માહિતી આપતાં કંપનીના એમડી, શ્રી પ્રકાશ સેખાનીએ જણાવ્યું હતું કે “અમારૂં નવું બિઝનેસ મોડલ અમલમાં આવતાં અમે મહિલાઓનું બહેતર સ્વચ્છતા અને આરોગ્ય માટે સશક્તિકરણ કરીશું અને એ દ્વારા પોસાય તેવી કિંમતે ક્વોલિટી પ્રોડક્ટ રજૂ કરીને તેમના જીવનમાં હકારાત્મક ફેરફાર લાવીશું. અમે તબક્કાવાર રૂા.૫૦૦ કરોડના રોકાણ સાથે વધુ એકમો સ્થાપવા ઈચ્છીએ છે. અમે મેક ઈન ઈન્ડીયા અભિયાનને પ્રોત્સાહન આપવા આશરે ૧૦૦૦થી વધારે રોજગારીની તકો ઉભી કરીશું. અમે વાર્ષિક ૮૦ કરોડ સેનિટરી નેપ્કિન્સના ઉત્પાદનનું લક્ષ્ય ધરાવીએ છે. ગુજરાતમાં ટેક્સટાઈલની અન્ય ત્રણ ફેક્ટરીઓ સાથે અમારા જૂથની આ ચોથી ફેક્ટરી બની રહેશે.” ભવિષ્યમાં વન્ડર વીંગ્સ બેબી ડાયપર્સ, એડલ્સ ડાયપર્સ અને સંબંધિત પ્રોડક્ટસ માટેની ફેક્ટરી સ્થાપવાનું આયોજન ધરાવે છે, જેને કારણે દેશમાં જાહેર સ્વાસ્થ્યમાં સુધારો થશે.

# હથેળીમાં સમાય તેટલો ટચૂકડો ચરખો રાજ્યપાલને ભેટ અપાયો

## સેક્ટર-૪-સીના ઓમપ્રકાશ પંચાલે “વેસ્ટમાંથી બેસ્ટ” ચીજો બનાવવાનો ભારે શોખ છે

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગરના સે. ૪-સી ખાતે રહેતા ઓમપ્રકાશ પંચાલે નકામી ચીજવસ્તુઓના ઉપયોગથી હથેળી સમાય તેટલો ટચૂકડો ચરખો બનાવી મહામહિમ રાજ્યપાલને ભેટ આપ્યો છે. શિક્ષણ ખાતામાં ડ્રાઈવર તરીકેની ફરજ નિભાવતા ઓમપ્રકાશ પંચાલને નાનપણથી “વેસ્ટમાંથી બેસ્ટ” બનાવવાના અભરખા હતા. આ સર્જનાત્મકતાનો ઉપયોગ કરતા તેમણે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનને લક્ષમાં રાખી આ પ્રતિકૃતિ તૈયાર કરી છે.



વપરાઈ ગયેલ પેનની રિફીલ પતંગમાંથી કાઢેલ વાંસની સળીઓ, જુના ટેપ રેકોર્ડની મોટરની રીંગ, સાગના લાકડાની પટ્ટીઓ વગેરેના ઉપયોગ થકી ઓમપ્રકાશે આ ચરખો બનાવ્યો છે. ઓમપ્રકાશ નાની નાની ચીજવસ્તુઓ બનાવવામાં માહેર છે અને એન્જિનીયરોને પણ શરમાવે તેવી કારીગરી હસ્તગત કરી તેમણે આ ટચૂકડો ચરખો બનાવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ તેમણે ગાંધી જયંતિના દિવસે આ પ્રકારનો ચરખો રાજ્યપાલને ભેટ આપવા ઈચ્છા વ્યક્ત કરી હતી. અંતે, આ વર્ષે ૮મી ઓક્ટોબરે તેમના પુત્ર અમિત પંચાલે રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીને રાજભવન ખાતે મળી આ ચરખો ભેટ આપ્યો હતો.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



## પાલનપુરમાં છરી બતાવી એક લાખની ચીલ ઝડપ

બનાસકાંઠાના પાલનપુરમાં ચીલઝડપનો વધુ એક બનાવ આજે બન્યો હતો. જેમાં હાઈવે પર આવેલી બેંક ઓફ બરોડામાંથી ૧ લાખની રકમ લઈને પાલનપુર કોઝી વિસ્તારમાં આવી રહ્યો હતો તે દરમિયાન અજાણ્યા બે બાઈકસવારોએ અચાનક આવી પૈસા ભરેલો થેલો લઈ ફરાર થઈ ગયા હતા. પાલનપુરમાં છેલ્લા કેટલાક સમયથી ચીલઝડપના બનાવોમાં વધારો નોંધાયો હતો.

### બ્રિડીંગ મળી આવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બ્લોક નં. ૧૬ના ધાબા પર મુકાયેલ ટાયરો તેમજ પાણીની ટાંકી અને કુલર નજીકથી પણ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. જુના સચિવાલય સંકુલમાં સ્વચ્છતા અંગે તંત્રના અધિકારીઓને વારંવાર જાણ કરાયા પછી પણ જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તેને લઈ કર્મચારીઓમાં પણ આખો દિવસ ગણગણાટ જોવા મળ્યો હતો.

### સક્રિય વિચારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાનો નિર્ણય લેવાયેલ હોઈ રાજ્ય સરકારની લોનની રૂ. ૯.૨૬ કરોડ અને તેના પરત્વેના વ્યાજની રકમ રૂ. ૧૯.૧૦ કરોડની રકમ મળી કુલ રૂ. ૨૮.૩૬ કરોડની રકમ માંડવાળ કરવા માટે નાણા વિભાગે સંમતિ આપેલ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ નિગમની જે અસ્કયામતો છે તે પણ પાટનગર યોજના હસ્તક મુકી અને નિગમની કામગીરી બંધ કરવા માટેની લીલી ઝંડી પણ નાણાં વિભાગે તેના અભિપ્રાયમાં આપી છે.

### કેસ પેન્ડિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યુ છે કે દેશભરમાં નોંધાયેલા ૨૧ લાખ પેન્ડિંગ કેસો ૧૦ વર્ષ કરતા પણ જુના છે. જ્યારે ૧૫ લાખ કેસો ફોજદારી કેસો છે. ટ્રાયલ માટે તેમના કેસ સુનાવણી માટે હાથ ધરવામાં આવે તે પહેલાથી જ મોટીં સખ્યામાં કાચા કામના કેદી જેલમાં છે. સુપ્રીમ કોર્ટના દેખરેખ હેઠળ ઈ-કોર્ટ પ્રોજેક્ટના લીધે ન્યાયિક વ્યવસ્થામાં કેટલાક ફેરફાર આવ્યા છે. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં ૧૫૦૦૦ કોર્ટ કોમ્પ્યુટરાઈઝ કરી દેવામાં આવી છે. તેમનામાં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે. જો કે ૨૪ એચસીના દેખાવની પણ ભારે ચર્ચા છે. કેન્દ્રિય કાયદા પ્રધાન સદાનંદ ગૌડાએ આંકડા આપતા કહ્યુ છે કે નિરાશાજનક દેખાવની સ્થિતી રહી છે. હાઈકોર્ટમાં કેસોનો નિકાલ લાવવાનો દર હવે નેગેટીવ સ્થિતીમાં છે.વર્ષ ૨૦૧૨માં ૧૭૮૬૧૭ કેસોનો નિકાલ લાવવામાં આવ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૧૪માં ૧૭૩૪૫૪૨ કેસોનો નિકાલ લાવવામાં આવ્યો છે. નિકાલ લાવવાનો રદ માઈનસ ત્રણ ટકા સુધી પહોંચી ગયો છે. સબઓર્ડિનેટ કોર્ટમાં નિકાલ લાવવામાં આવેલા કેસોની સંખ્યા વર્ષ ૨૦૧૨માં ૧.૮૧ કરોડ હતી. જે વર્ષ ૨૦૧૪માં વધીને ૧.૯૦ કરોડ થઈ હતી.એટલે કે તેમાં માત્ર ૪.૫ ટકાનો વધારો થયો છે.

વર્ષ ૨૦૧૪માં તમામ કોર્ટમાં કુલ પેન્ડિંગ રહેલા કેસોની સંખ્યા ૩.૦૭ કરોડ રહી હતી. કોર્ટ બેકલોગની સ્થિતી ખતરનાક બનેલી છે. આવનાર દિવસોમાં આ દિશામા પણ પગલા લેવામાં આવી શકે છે. આ ગ્રીડ ઉપર દરરોજ ચલાવવામાં આવતા મામલાઓની માહિતી આપવામાં આવે છે. આને સામાન્ય લોકો માટે લાઈવ કરી દેવામાં આવે છે. અલબત્ત તેના ઉપર હજુ સુધી દેશના ૨૪ હાઈકોર્ટની માહિતી આપવામાં આવી નથી.



## ભરત નાટ્યમ્ ક્ષેત્રે સર્જાયુ ત્રિવેણી આરંગેત્રમ

આજે ટાઉનહોલ ખાતે યોજોયલ ભરત નાટ્યમ્ ક્ષેત્રે ત્રણ યુવતિઓના આરંગેત્રમે ઉપસ્થિત પ્રેક્ષકોને મંત્ર મુગ્ધ કર્યા હતા. કોમર્સ શાખાની પોસ્ટ ગ્રેજ્યુએટ મિતલ રાણા, કોમ્પ્યુટર એન્જિનીયરીંગની વિદ્યાર્થીની ડૉલી શિશુ અને એવિએશન પાયલોટની તાલીમાર્થી નિધિ રાઠોડે આરંગેત્રમ દ્વારા પદવી પ્રાપ્ત કરી હતી.

# સેક્ટર-૪માં શેરી ગરબાની રમઝટ જામશે

## પારિવારિક માહોલમાં નવરાતની ઉજવણી

## સેક્ટર-૪માં નમુનારૂપ શેરી ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા ઓમકારેશ્વર મહાદેવ મંદિર પાસેના મેદાનમાં ભવ્ય શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સે. ૪ના શેરી ગરબાની વિશેષ બોલબાલા છે. ત્યારે નમૂનારૂપ શેરી ગરબામાં ગરબે ઘુમવા સેક્ટરવાસીઓની ભીડ જામે છે. આ વર્ષે પણ સમિતિ દ્વારા પારિવારીક માહોલમાં નવરાત્રીની ઉજવણી કરવામાં આવશે.

સેક્ટર-૪માં નવરાત્રી મહોત્સવ દર વર્ષે ધામધૂમથી ઉજવવામાં આવે છે. સુરક્ષા વ્યવસ્થા, આધુનિક સાઉન્ડ ટેકોલોજી, સુપ્રસિદ્ધ કલાકારો, પાર્કિંગ વ્યવસ્થા અને મોટુ ગ્રાઉન્ડ આ નવરાત્રી મહોત્સવની વિશેષતા રહી છે. ઓમકારેશ્વર મહાદેવ ચોક સેક્ટર-૪ ખાતે દર વર્ષે યોજાતા આ નવરાત્રી મહોત્સવ દરમ્યાન દરરોજ રાત્રે જાણીતા ગાયક કલાકારો ગરબાના સુર રેલાવશે.

સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સે. ૪ દ્વારા ૪૦ ઉપરાંત ખાણી-પીણીના સ્ટોલ્સ પણ તૈયાર કરાયા છે. નવરાત્રી મહોત્સવ પ્રમુખ તરીકે હિતેન્દ્રસિંહ આર. વાઘેલાની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. સાથે યુવા સમિતિના સભ્યો સેવા આપી રહ્યા છે. વ્યવસ્થા માટે ગ્રાઉન્ડ સ્ટેજ સમિતિ, શણગાર સમિતિ, ભેટ પ્રસાદ સમિતિની રચના કરવામાં આવી છે.

ગાંધીનગરના નગરજનોને ભાવિભક્તિ સાથે આ ભવ્ય મહોત્સવનો લાભ લેવા સમિતિના સભ્યોએ આમંત્રણ પાઠવેલ છે. નવરાત્રી દરમ્યાન મા અંબાની આરતી રાત્રે ૮.૩૦ કલાકે થશે, દરેક દિવસની આરતીના યજમાન આગળના દિવસની ઉછામણીથી જાહેર કરવામાં આવશે, ભક્ત રોકડ કે તૈયાર પ્રસાદ માતાજીને ધરાવી શકે છે, હવનની તારીખ નવરાત્રી દરમ્યાન જાહેર કરવામાં આવશે તેમ સમિતિના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

### મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. અગાઉ મતદાનની શાંતિપૂર્ણરીતે શરૂઆત થઈ ગઈ હતી. તમામ જગ્યાએ મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ પુરતા પગલા લેવામાં આવ્યા હતા. સંવદેનશીલ વિસ્તારોમાં ડ્રોન અને સીસીટીવી કેમેરાથી પણ નજર રાખવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં મતદાનની પૂર્ણાહુતિ સાથે કુલ ૫૮૩ ઉમેદાવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જેમાં ૫૪ મહિલા ઉમેદવારો પણ છે. પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પહેલાથી જ તમામ તૈયારી તંત્ર દ્વારા કરી લેવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં ૧૩૨૧૨ મતદાન મથકો પર મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.૭૩૮૪ મતદાન કેન્દ્રો સંવેદનશીલ જાહેર કરાયા હતા. જ્યારે ૫૭૬ મતદાન કેન્દ્રો ઉપર વેબકાસ્ટીંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા માટે કુલ ૮૦૦૦૦ અને ૯૦૦૦૦ મતદાન કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા.

તમામ ઉમેદવારોના ભાગ્યનો ફેસલો કરવા માટે ૧૩૫૭૨૩૩૯ મતદારો હતા. જે પૈકી આજે ૫૭ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.કુલ મતદારોમાં પુરૂષ મતદારોની સંખ્યા ૭૨૩૭૨૫૩ હતી. જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૬૩૧૭૬૦૨ હતી. થર્ડ જેન્ડરની સંખ્યા ૪૦૫ હતી. ઉંચા મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે પણ તમામ તૈયારી કરી હતી. મતદાનની શરૂઆત સવારે સાત વાગે થઈ ગઈ હતી. શરૂઆતમાં ગતિ ધીમી દેખાઈ હતી પરંતુ મોડેથી મતદાન મથકો પર લોકો ઉમટી પડ્યા હતા. પ્રથમ કલાકના ગાળામાં જ ૧૦ ટકા સુધી મતદાન રહ્યુ હતુ. જે જિલ્લામાં પ્રથમ તબક્કામાં મતદાન યોજાયું હતું. તેમાં સમસ્તીપુર, બેગુસરાય, ખાગરિયા, ભાગલપુર, બાંકા, મુંગેર, લખીસરાય, શૈખપુરા, નવાડા અને જમુઈનો સમાવેશ થાય છે. બિહારમાં પાંચ તબક્કામાં ચૂંટણી યોજાનાર છે. ૧૦ જિલ્લાના આવરી લેતી ૪૯ બેઠકો પર મતદાનની પ્રક્રિયા આજે સવારે શરૂ કરાઈ હતી. મતગણતરીની પ્રક્રિયા ૮મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે. રાજ્યના ચૂંટણી પંચના જણાવ્યા મુજબ નક્સલવાદી પ્રભાવિત જિલ્લાઓમાં મતદાન બપોરે ત્રણ વાગ્યા સુધી ચાલ્યું હતું જ્યારે કેટલાક ક્ષેત્રોમાં સાંજે ચાર વાગ્યા સુધી અને કેટલાક ક્ષેત્રોમાં પાંચ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું.ચૂંટણી પ્રચાર વેળા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએનુ નેતૃત્વ કર્યુ હતુ. જ્યારે નિતીશ કુમાર અને લાલુ યાદવે મહાગઠબંધન તરફથી પ્રચારની જવાબદારી સંભાળી હતી.પ્રથમ તબક્કામાં જે મોટા ઉમેદવારના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે તેમાં હિન્દુસ્તાની અવામી મોરચાના પ્રદેશ અધ્યક્ષ શકુની ચૌધરી, લોકજનશક્તિ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ પશુપતિકુમાર, ભાજપના રેણુ કુશવાહ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા સદાનંદ સિંહ, જેડીયુના વિજય ચૌધરી, સીપીએમના રામદેવ વર્માનો સમાવેશ થાય છે.પ્રથમ તબક્કામાં ભાજપના ૨૭, એલજેપીના ૧૩, આરએલએસપીના ૬, એચએએમના ૩ ઉમેદવાર મેદાનમાં છે જ્યારે મહાગઠબંધન તરફથી જેડીયુના ૨૪, આરજેડીના ૧૭, કોંગ્રેસના આઠ ઉમેદવારના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. આ તબક્કામાં કુલ ૧.૩૫ કરોડ મતદારો નોંધાયા હતા. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં આ ૪૯ બેઠકો પૈકી જેડીયુની પાસે ૨૯ બેઠકો હતી જ્યારે ભાજપ પાસે ૧૩ બેઠક હતી. આરજેડીની પાસે ચાર, ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ, સીપીએમની પાસે એક-એક બેઠક હતી.